## લોકગીત

- આ સ્પર્ધા માટેનો સમય ૬ મિનીટનો રહેશે.
- ગીતની આ સ્પર્ધામાં, લોકગીત, ભજન, લગ્નગીત વગેરે જેવી કોઇ પણ કૃતિની પ્રસ્તુતિ કરી શકાશે.
- લોકગીત, ભજન, લગ્નગીત/ફટાણા કંઠ્યસ્થ હોવા જોઈએ, લેખિત કૃતિનો આધાર લઇ શકાશે નહીં.
- સ્પર્ધકે અગાઉથી સૂર મેળવી સ્વયં પોતાના વાજિંત્રોની વ્યવસ્થા કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં. લોકગીત, ભજનની પ્રસ્તુતિમાં ઇલેક્ટ્રોનિક વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી.
- આ સ્પર્ધામાં ૧ સ્પર્ધક અને ૩ સહાયકો રાખી શકાશે. ભજન પ્રસ્તુતિમાં સ્પર્ધકે જરુર જણાય તો સૂર ઝિલવા માટે તે સમયે સ્પર્ધામાં ભાગ લેતી સમૂહગીતની ટૂકડીના ગાયક સભ્યોમાંથી ત્રણેક સભ્યોની મદદ લઈ શકશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ ૩ મિનીટ આપવામાં આવશે.
- ફિલ્મીગીત સિવાયના ગીતની, સમાજની દ્રષ્ટિએ પોષક હોય તેવી કૃતિ, કોઇ પણ પ્રાદેશિક ભાષામાં પ્રસ્તુત કરી શકાશે. ગુજરાતી કે હિન્દી ભાષા સિવાયની કોઇ પણ ભાષામાં પ્રસ્તુતિ કરવાના હોવ તો તેના વિષેની સંક્ષિપ્ત નોંધ, નિર્ણાયકશ્રીઓને અગાઉથી આપવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, માત્ર કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, લોકગીત, ભજન કે લગ્નગીતની અસલી ગાયકીની લઢણ, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે. તેમના મેકઅપ, વેષભૂષા આધારિત નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.